GANDHINAGAR




**MY BUDDY**

**SESSION -2026-27**

**SUBJECT – GUJARATI**

**Term 1 &2**

# અનુક્રમણિકા( INDEX )

## TERM - 1


૧ Subject Enrichment Activity (વિષય સંવર્ધન પ્રવૃત્તિ)

૨ Art Integrated Learning Activity (કલા સંકલિત અધ્યયન પ્રવૃત્તિ)

૩ CBE WORKSHEET

૪ PT-1 Revision Work

૫ Half Yearly Exam Practice Paper


## TERM - 2


૬ Subject Enrichment Activity (વિષય સંવર્ધન પ્રવૃત્તિ)

૭ Art Integrated Learning Activity (કલા સંકલિત અધ્યયન પ્રવૃત્તિ)

૮ CBE WORKSHEET

૯ PT-2 Revision Work

૧૦ Annual Exam Practice Paper

## SUBJECT ENRICHMENT ACTIVITY (SEA)

ઋતુઓનું વર્ણન – શિયાળો, ઉનાળો અને ચોમાસું ત્રણેય ઋતુઓના અલગ અલગ ચિત્ર બનાવીને તેનું વર્ણન કરો .

**અંક વિભાજન**

ચિત્ર બનાવવું - 5

ચિત્રનું વર્ણન - 5

## ART INTEGRATED LEARNING (AIL)

મેઘધનુષ નું ચિત્ર બનાવીને તેમાં રંગ ભરો

**અંક વિભાજન**

ચિત્ર બનાવવું - 5

રંગ ભરો - 5

## Worksheet – 1

## QUESTION BANK

## પાઠ – ૨ . આંધળું અનુકરણ




## પાઠમાં દર્શાવવામાં આવેલા જુદા જુદા પક્ષીઓ વિશે માહિતી મેળવો

## ગુજરાતી વ્યાકરણ ક્રિયાપદ

નીચેના વાક્યોમાંથી ક્રિયાપદ શોધો . (CASE BASED)

૧ મોહન ઝાડ ઉપર ચડ્યો .



૨ નર્મદા નદી વહે છે .



૩ <u>આંબા ડાળે કેરીઓ ઝૂલે છે .</u>



૪ <u>ગાય દૂધ આપે છે .</u>



૫ <u>અમે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો .</u>



## <u>પાઠ -3 . સાચું સુખ</u>



<u>પંખીઓને મેહનત કરીને માળો બનાવતા તમે જોયા છે ? તે માળો શા માટે બનાવે છે ?</u>

૧ આ પાઠમાં તમે કોના ગુણોથી પ્રભાવિત થયા છો ? (CASE BASED)

દયાક્ષી ખુશ્બૂ

૨ ચકલીને અંગ્રેઝીમાં શું કહેવાય છે ?

Sparrow crow

3 આંબાને અંગ્રેઝીમાં શું કહેવાય છે ?

Mango tree Neem tree

# પાઠ -૫ બિરબલની ખીચડી

ચિત્ર જોઇને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો .



(PICTURE BASED)

૧ ચિત્રમાં કોણ દેખાય છે?

૨ અકબર શું કરી રહ્યા છે?

3 બીરબલ શું કરી રહ્યા છે?

૪ દરબારમાં અન્ય લોકો શું કરી રહ્યા?

# પાઠ-૭ . ગરવી ગુજરાત



ગુજરાતને ગરવી  ગુજરાત કહેવામાં આવે છે કારણ કે અહીંની સંસ્કૃતિ, પરંપરા અને પ્રાકૃતિક સૌંદર્ય ખૂબ જ સમૃદ્ધ છે. ગુજરાતમાં ગરબા, દાંડિયા અને વિવિધ તહેવારો ઉત્સાહથી ઉજવાય છે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** ગુજરાતનું મહત્વપૂર્ણ આકર્ષણ છે. ગીર જંગલમાં એશિયાટિક સિંહો જોવા મળે છે. ગુજરાત તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાથી સમગ્ર ભારતમાં ગર્વનું સ્થાન ધરાવે છે. **(CASE BASED)**

નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો .

૧ ગુજરાતને શું કહેવામાં આવે છે?

A) ગરીબ ગુજરાત B) ગરવી ગુજરાત

C) હરિયાળું ગુજરાત D) જૂનું ગુજરાત

૨ ગુજરાતમાં કયો નૃત્ય પ્રખ્યાત છે

A) ભાંગડા B) કથક

C) ગરબા D) ભરતનાટ્યમ

3 સ્ટેચ્યુ ઓફ યુનિટી ક્યાં આવેલું છે

A) રાજસ્થાન B) ગુજરાત

C) મહારાષ્ટ્ર D) પંજાબ

૪ ગીર જંગલમાં કયા પ્રાણી જોવા મળે છે

A) વાઘ B) હાથી

C) સિંહ D) ઘોડો

૫ ગુજરાત શા માટે ગર્વનું સ્થાન ધરાવે છે

A) માત્ર ઉદ્યોગ માટે B) તેની સંસ્કૃતિ અને વારસા માટે

C) માત્ર વરસાદ માટે D) માત્ર ખેતી માટે

# પાઠ -૮ ભારતીય અવકાશના પિતા ડૉ. વિક્રમસારાભાઈ



**ફકરો વાંચીને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો**

**ડૉ. વિક્રમ સારાભાઈ (Dr. Vikram Sarabhai) – Case Based Questions**

ડૉ. વિક્રમ સારાભાઈ ભારતના અવકાશ વિજ્ઞાનના પિતા ગણાય છે. તેમણે ISRO (Indian Space Research Organization)ની સ્થાપનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ માનતા હતા કે અવકાશ વિજ્ઞાનનો ઉપયોગ શિક્ષણ, ખેતી અને દેશના વિકાસ માટે થવો જોઈએ. તેમના પ્રયત્નોથી ભારતે અવકાશ ક્ષેત્રમાં મોટી પ્રગતિ કરી.

૧ **ડૉ. વિક્રમ સારાભાઈ કયા ક્ષેત્ર સાથે જોડાયેલા હતા**

A) ચિકિત્સા  B) અવકાશ વિજ્ઞાન

C) કાયદો  D) રમતગમત

૨ તેમણે કઈ સંસ્થાની સ્થાપનામાં મદદ કરી હતી?

A) DRDO  B) ISRO

C) NASA  D) BARC

3 તેઓ વિજ્ઞાનનો ઉપયોગ ક્યાં કરવા ઈચ્છતા હતા

A) માત્ર મનોરંજન માટે  B) દેશના વિકાસ માટે

C) વેપાર માટે  D) રમત માટે

૪ ડૉ. વિક્રમ સારાભાઈને શું તરીકે ઓળખવામાં આવે છે

A) ખેતીમાં ઘટાડો  B) અવકાશ ક્ષેત્રમાં પ્રગતિ

C) ઉદ્યોગમાં ઘટાડો  D) રમત વિકાસ

૫ તેમના પ્રયત્નોથી ભારતને શું મળ્યું ?

A) ખેતીમાં ઘટાડો  B) અવકાશ ક્ષેત્રમાં પ્રગતિ

C) ઉદ્યોગમાં ઘટાડો  D) રમત વિકાસ

# ગુજરાતી વ્યાકરણ લિંગ

નીચે આપેલ ચિત્ર ધ્યાનથી જુઓ અને પ્રશ્નોના જવાબ આપો



૧ ચિત્રમાં કેટલા બાળકો દેખાય છે?

૨ છોકરો અને છોકરી માટે અલગ-અલગ વાક્ય લખો

૩ ચિત્રમાં કઈ પ્રવૃત્તિઓ ચાલી રહી છે?

૪ નીચેમાંથી કયો પુલ્લિંગ શબ્દ છે?

A) છોકરી B) છોકરો

C) બાળકી D) દીકરી

૫ નીચેમાંથી કયો સ્ત્રીલિંગ શબ્દ છે

A) ખેલાડી B) વિદ્યાર્થી

C) છોકરી D) મિત્ર

# ગુજરાતી વ્યાકરણ સર્વનામ


**નીચે આપેલો ફકરો વાંચી ને સર્વનામ શોધો .**

રવિ એક હોશિયાર વિદ્યાર્થી છે. **તે** દરરોજ સમયસર શાળાએ જાય છે. શાળામાં **તેના** ઘણા મિત્રો છે. એક દિવસ શિક્ષકે **તેમને** વૃક્ષારોપણ વિશે માહિતી આપી. રવિ અને **તેના** મિત્રો શાળાના બગીચામાં ગયા. ત્યાં **તેઓએ** ઘણા છોડ વાવ્યા. શિક્ષકે **તેમની** પ્રશંસા કરી. **આપણે** સૌએ પર્યાવરણની સુરક્ષા માટે વૃક્ષો વાવવા જોઈએ.


# Periodic Test-1 Revision

પ્રશ્ન ૧ (અ) નીચે આપેલા વાક્યમાંથી ક્રિયાપદ શોધો .

(૧) ગાય દૂધ આપે છે . ____________________



(૨) આંબા ડાળે કેરીઓ ઝૂલે છે . ____________________



(૩) નર્મદા નદી વહે છે . ____________________



પ્રશ્ન-૧ (બ) નીચે આપેલા વાક્યો કોણ બોલે છે તે લખો .

(૧) પ્રભુ મને આપવાનું ભૂલી ગયા છે .


(૨) પોતાના અસલ સ્વરૂપમાં મરણ આવે તો પણ સારું .

પ્રશ્ન-૧ (ક) નીચે આપેલા વાક્યોમાં રેખાંકિત શ્બદોના લિંગ ઓળખાવો .

(૧) બાળક શાળાએ જાય છે . ____________________



(૨) ગણિત મારો ગમતો વિષય છે . ____________________



પ્રશ્ન-૨ નીચે આપેલો ગદ્યખંડ વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ લખો

આપણી આસપાસ રહેલી કુદરત માનવ જીવન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રકૃતિ આપણને શુદ્ધ હવા, પીવાનું પાણી, અને અનાજ આપે છે. વૃક્ષો આપણને તાપમાં છાંયડો અને જીવન જીવવા માટે પ્રાણવાયુ (ઓક્સિજન) આપે છે.

(૧) પ્રકૃતિ આપણને શું આપે છે ?

____________________

(૨) વૃક્ષો આપણને શું આપે છે ?

____________________

(૩) આપેલા ફકરાનું યોગ્ય શિર્ષક આપો .

પ્રશ્ન-૨ (બ) નીચે આપેલો ફકરો વાંચી ને સુંદરે અક્ષરે લખો .

માનવ જીવનમાં સમયનું મૂલ્ય ખૂબ જ વધારે છે. ગયેલો સમય ક્યારેય પાછો આવતો નથી. પૈસા ખોવાય તો ફરી કમાઈ શકાય છે, પણ વીતેલી ક્ષણો ક્યારેય પાછી મેળવી શકાતી નથી. જે વ્યક્તિ સમયનું મહત્વ સમજે છે અને તેનો સદ્ઉપયોગ કરે છે, તે જીવનમાં હંમેશા સફળ થાય છે. વિદ્યાર્થી જીવનમાં સમયનું પાલન કરવું સૌથી વધુ જરૂરી છે.

પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો

(૧) ખૂશ્બુ કેમ ખૂશ રેહતી હતી ?

(૨) દૂખી દયાક્ષીએ ભગવાનને પ્રાર્થના કરતા શું કહ્યું ?

(૩) હંસે બતક પાસેથી અદ્લાબદ્લીમાં શું લીધું ?

(૪) સારસના લાંબા પગ મેળવી હંસે મોર પાસેથી શું માંગ્યું ?

(૫) હંસને તેની ભૂલ સમજતા તેને શું કહ્યું ?

(૬) હંસ કેવા જળમાં તરે છે અને કેવો ચારો ચરે છે ?

# HALF YEARLY EXAM REVISION

પ્રશ્ન-૧ (અ) નીચે આપેલા વાક્યોને બહુવચનમાં બદલો .

(૧) રસ્તા પર ગાડી જાય છે .

(૨) ફેરિયા પાસે ટોપી હતી .

(૩) વિધાર્થી શાળામાં આવ્યો .

પ્રશ્ન-૧ (બ) આપેલા શબ્દનો વિરોધી શબ્દ લખો અને તેનો ઉપયોગ કરી વાક્ય બનાવો .

(૧) પહેલું -

(૨) મહેનતુ -

(૩) સ્વદેશી -

પ્રશ્ન-૧ (ક) નીચે આપેલા શબ્દોના શબ્દસમૂહ લખો .

(૧) નવા તાજા ફૂટેલા પાન

(૨) ઘોડા પર સવારી કરનાર

(૩) ઘાસ વગેરેનો એકઠા કરી બાંધેલો જથ્થો.

(૪) ડરે નહિ એવું

પ્રશ્ન-૧ (ડ) ખૂટતી સંખ્યા લખો .

(૧) ૫૨ ____ ૫૪


(૨) ૩૮ ____ ૪૦

(૩) ૨૯ ____ ૩૧


(૪) ૧૨ ____ ૧૪

પ્રશ્ન-૧ (ઇ) નીચેના વાક્યમાં સર્વનામ શોધો અને લખો .

(૧) રામ જાતે પોતાનું ગૃહકાર્ય કરે છે .




(૨) તેમને ગુરુ પાસેથી નિયમ લીધો .



(૩) હું નવરાત્રીમાં ગરબા રમીશ .



(૪) પેલી ચોપડી કોની છે .



પ્રશ્ન-૨ (અ)નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો .

(૧) "હું કાળથી ખીચડી બનાવી રહ્યો છું ."

(૨) "મેં આખી રાત પ્રભુનું સ્મરણ કર્યું ."

(૩) "હું તમને ઇનામ શા માટે આપું ?"

(૪) "તારું માટલું આગથી દૂર છે ."

(૫) "આવતી કાલે પેલા બ્રાહ્મણને દરબારમાં લઈને આવજે ."

(બ) નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ શોધો .

(૧) કઈ નદીનું પાણી થીજી ગયું હતું ?

(અ) ગંગા (બ) યમુના (ક) સરસ્વતી

(૨) સામાન્ય માણસ કેવા હોય છે ?

(અ) શક્તિશાળી (બ) ડરપોક (ક) નીડર

(૩) ઇનામ ન મળવાથી બ્રહ્મણકેવો થઇ ગયો ?

(અ) ખૂશ (બ) ઉત્સાહી (ક) ઉદાસ

(૪) બીરબલ માટલામાં શું બનાવી રહ્યાં હતા ?

(અ) શાકભાજી (બ) ખીચડી (ક) દાળભાત

(૫) કીને પોતાની ભૂલ સમજી ગઈ ?

(અ) અકબરને (બ) બીરબલન (ક) બ્રાહ્મણને

(ક) નીચે આપેલા પ્રશ્નનો ઉત્તર લખો .

(૧) કવિ શા માટે ગરવી ગુજરાતને વંદન કરવા કહે છે ?

જવાબ

(૨) ગુર્જરી ભાષાના પ્રણેતા કોણ છે ?

જવાબ

(૩) બીરબલની ખીચડી શા માટે બની નહિ ?

જવાબ

(૪) બાદશાહે બ્રાહ્મણને ઇનામ કેમ ન આપ્યું ?

જવાબ

(૫) બ્રાહ્મણે આખી રાત નદીમાં શું કર્યું ?

જવાબ

પ્રશ્ન-૩ નીચે આપેલો ફકરો વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ લખો .

એક જંગલમાં હસું હાથી પોતાની મસ્તીમાં ગેલ કરતો ફરી રહ્યો હતો .તે અંબાના ઝાડ સાથે પોતાનું શરીર ઘસી રહ્યો હતો અને ઝાડને હલાવી રહ્યો હતો .આંબાના ઝાડ ઉપર ચકીબેનનો માળો હતો .તે માળામાં ચકીબેનના બે ઈંડા હતા .

(૧) હાથીનું નામ શું હતું ?

જવાબ

(૨) ચકીબેનના કેટલા ઈંડા હતા ?

જવાબ

(૩) હાથી કેવી રીતે ફરતો હતો ?

જવાબ

(૪) ચકીબેનનો માળો ક્યાં હતો ?

જવાબ

(૫) હાથી પોતાનું શરીર ક્યાં ઘસતો હતો ?

જવાબ

(૬) ફકરામાં કયા પક્ષીની વાત કરવામાં આવી રહી છે ?

જવાબ

(૭) આપેલા ફકરાનું યોગ્ય શિર્ષક આપો .

જવાબ

પ્રશ્ન-3 (બ) ચિત્ર જોઇને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો .



(૧) ચિત્રમાં કુલ કેટલા બાળકો છે

જવાબ

(૨) બેંચ પર બેસી બાળક શું કરે છે ?

જવાબ

(૩) ચિત્રમાં કેટલા પક્ષી ઉડે છે ?

જવાબ

(૪) ચિત્રમાં દિવસ છે કે રાત છે ?

જવાબ

(૫) ચિત્રમાં કેટલા ઘર અને ઝાડ છે ?

જવાબ

પ્રશ્ન ૪ નીચે આપેલો ફકરો વાંચીને સુંદર અક્ષર સાથે લખો .

સ્વચ્છતા આપણા જીવનનો ખૂબ જ મહત્વનો ભાગ છે. સ્વચ્છ રહેવાથી આપણું સ્વાસ્થ્ય સારું રહે છે અને અનેક બીમારીઓથી બચી શકાય છે. આપણા ઘરની આસપાસ, શાળા, બગીચા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની જવાબદારી દરેક નાગરિકની છે. જો આપણે કચરો અહીં-ત્યાં ફેંકીએ તો ગંદકી ફેલાય છે અને મચ્છર તેમજ માખીઓ વધે છે. તેનાથી અનેક રોગો ફેલાઈ શકે છે. સ્વચ્છ વાતાવરણમાં રહેવું દરેકનો અધિકાર છે

# TERM - 2

## SUBJECT ENRICHMENT ACTIVITY (SEA)

નાટ્ય અભિનય(SEA-2)

સંવાદ - ૪

વિષયવસ્તુ - ૪

સમય - ૨


## ART INTEGRATED LEARNING (AIL)

સંસ્કારી નગરી વડોદરાન લક્ષ્મીવિલાસ પેલેસ નું ચિત્ર ચોટાડી તેના વિશે સંક્ષિપ્તમાં લખો .

**ચિત્ર - ૫**

**વિષયવસ્તુ - ૫**

પાઠ – ૯ ગાંધી બાપુ



(૧) ગાંધીજીને આપણે કેમ યાદ કરીએ છીએ ?

(૨) નીચે આપેલો ફકરો વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ લખો .

મહાત્મા ગાંધીજીનું પૂરું નામ મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ ગુજરાતના Porbandar શહેરમાં થયો હતો. તેઓને "રાષ્ટ્રપિતા" તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગે ભારતની આઝાદીની લડત લડી હતી. તેમણે લોકોને એકતા, પ્રેમ અને શાંતિનો સંદેશ આપ્યો હતો. તેમના નેતૃત્વ હેઠળ ઘણા આંદોલનો થયા હતા. તેમના મહાન કાર્યોને કારણે સમગ્ર વિશ્વમાં તેમનું સન્માન થાય છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ તેમનું અવસાન થયું હતું. ગાંધીજીનું જીવન આપણને સત્ય, અહિંસા અને દેશપ્રેમની પ્રેરણા આપે છે.

- ગાંધીજીનું પૂરું નામ શું હતું?
- ગાંધીજીનો જન્મ ક્યાં થયો હતો?
- ગાંધીજીને કયા નામથી ઓળખવામાં આવે છે?
- ગાંધીજીએ કયા માર્ગે આઝાદીની લડત લડી?
- ગાંધીજીના જીવનમાંથી આપણને શું પ્રેરણા મળે છે?

## પાઠ- ૧૦ વૃક્ષ મજાનું





| **(PICTURE BASED)**

- વૃક્ષ આપણને શું આપે છે?
- વૃક્ષના કોઈ બે ભાગોના નામ લખો.
- વૃક્ષોનું રક્ષણ કરવું શા માટે જરૂરી છે?
- ચિત્રમાં શું દેખાય છે?
- વૃક્ષના પાંદડાનો રંગ કયો છે?

## પાઠ ૧૧ જંગલમાં લોકડાઉન



ચિત્ર જોઈને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો .| **(PICTURE BASED)**



**જંગલ અને પ્રાણીઓ (ચિત્ર આધારિત પ્રશ્નો)**

1. ચિત્રમાં કયા કયા પ્રાણીઓ દેખાય છે?
2. જંગલમાં કયા પ્રકારના વૃક્ષો જોવા મળે છે?
3. પ્રાણીઓ ક્યાં રહે છે?
4. જંગલ આપણને શું આપે છે?
5. જંગલનું રક્ષણ શા માટે જરૂરી છે?

**સૂચના:** નીચે આપેલ ફકરો ધ્યાનથી વાંચીને પ્રશ્નોના જવાબ લખો.

જંગલ પ્રકૃતિનો મહત્વપૂર્ણ ભાગ છે. જંગલમાં ઘણા પ્રકારના વૃક્ષો, છોડ અને પ્રાણીઓ રહે છે. સિંહ, વાઘ, હાથી, હરણ અને ઘણા પક્ષીઓ જંગલમાં જોવા મળે છે. જંગલ આપણને શુદ્ધ હવા, લાકડું, ઔષધિઓ અને વરસાદ લાવવામાં મદદ કરે છે. જંગલ પ્રકૃતિનું સંતુલન જાળવે છે. તેથી જંગલનું રક્ષણ કરવું ખૂબ જરૂરી છે. માણસે વૃક્ષો કાપવા નહીં જોઈએ અને વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ.**(CASE BASED)**

1. જંગલમાં કયા પ્રકારના જીવો રહે છે?
2. જંગલ આપણને શું આપે છે?
3. જંગલ પ્રકૃતિમાં શું જાળવે છે?
4. કયા કયા પ્રાણીઓ જંગલમાં જોવા મળે છે?
5. આપણે જંગલનું રક્ષણ કેવી રીતે કરી શકીએ?

## પાઠ-૧૨ ઉત્તરાયણ



સૂચના: ચિત્ર જોઈને ઉપરના પ્રશ્નોના જવાબ લખો | **(PICTURE BASED)**

### પતંગ (Kite) વિષયક પ્રશ્નો

1. ચિત્રમાં શું દેખાય છે?
2. પતંગ કયા  ઉડે છે?
3. પતંગ કયા તહેવાર સાથે જોડાય છે?
4. પતંગ ઉડાવવા માટે શું ઉપયોગ થાય છે?
5. તમે ક્યારે પતંગ ઉડાવ્યું છે?

**પતંગોત્સવ (Kite Festival)**

પતંગોત્સવ ભારતમાં ખૂબ આનંદથી ઉજવાતો તહેવાર છે. આ તહેવાર ખાસ કરીને ગુજરાતમાં મોટા ઉત્સાહ સાથે મનાવવામાં આવે છે. લોકો આ દિવસે રંગબેરંગી પતંગો આકાશમાં ઉડાવે છે. આ તહેવાર સામાન્ય રીતે મકરસંક્રાંતિના દિવસે ઉજવાય છે. આ દિવસે આકાશમાં અનેક પ્રકારની સુંદર પતંગો જોવા મળે છે. લોકો પરિવાર અને મિત્રો સાથે મળીને પતંગ ઉડાવવાનો આનંદ માણે છે. આ તહેવાર આનંદ, એકતા અને ખુશીનો સંદેશ આપે છે. .**(CASE BASED)**



1. પતંગોત્સવ ક્યારે ઉજવવામાં આવે છે?
2. પતંગોત્સવ કયા રાજ્યમાં ખૂબ લોકપ્રિય
3. લોકો આ દિવસે શું ઉડાવે છે?
4. પતંગોત્સવ કયા તહેવાર સાથે જોડાયેલ છે?
5. પતંગોત્સવ આપણને શું સંદેશ આપે છે?

# પાઠ – ૧૩ મારી વ્હાલી મમ્મી



**માતા વિષયક ગદ્યાંશ**

માતા આપણા જીવનમાં સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ છે. તે આપણને પ્રેમ, સંસ્કાર અને સારા માર્ગ પર ચાલવાનું શીખવે છે. માતા દિવસ-રાત મહેનત કરીને પરિવારની સંભાળ રાખે છે. તે આપણું ભોજન બનાવે છે, આપણું ધ્યાન રાખે છે અને મુશ્કેલીના સમયમાં આપણું સાથ આપે છે. માતાનો પ્રેમ નિસ્વાર્થ અને અનમોલ હોય છે. આપણે હંમેશા માતાનું સન્માન કરવું જોઈએ અને તેમને ખુશ રાખવા પ્રયત્ન કરવો જોઈએ. .**(CASE BASED)**

(૧) માતા આપણને શું શીખવે છે -

A) ઝગડો B) પ્રેમ અને સંસ્કાર

C) આળસ D) ગુસ્સો

(૨) માતા કેવી હોય છે?

A) કઠોર B) નિસ્વાર્થ

C) ક્રોધી D) ઉદાસ

(૩) માતા આપણું શું કરે છે?

A) નુકસાન B) અવગણના

C) ધ્યાન રાખે છે D) દૂર રહે છે

(૪) માતાનો પ્રેમ કેવો હોય છે

A) સ્વાર્થભર્યો B) અનમોલ

C) ખોટો D) ઓછો

ચિત્ર જોઇને નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો . **(PICTURE BASED)**



- ચિત્રમાં કોણ દેખાય છે?
- માતા આપણું ધ્યાન કેવી રીતે રાખે છે?
- માતા સાથે તમે શું પ્રવૃત્તિ કરો છો?

- **“માતા" શબ્દનો અર્થ શું છે?**

# ગુજરાતી વ્યાકરણ

## બહુવચન

“છોકરી” નો બહુવચન શું છે?

A) છોકરીઓ

B) છોકરા

C) છોકરી

D) છોકરી

Dવૃક્ષ” નો બહુવચન શું છે?

A) વૃક્ષો

B) વૃક્ષી

C) વૃક્ષા

D) વૃક્ષું

છોકરો” નો બહુવચન શું છે?

A) છોકરા

B) છોકરી

C) છોકરું

D) છોકરીઓ

પંખી” નો બહુવચન શું છે?


A) પંખીઓ

B) પંખો

C) પંખા

D) પંખી

## ગુજરાતી વ્યાકરણ -સંજ્ઞા







# ઉપરના ચિત્રોને ઓળખો અને તેમના નામ લખો.

1 ______________________

2 ______________________

3 ______________________

4 ______________________

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

"કેરી" કયો શબ્દ છે?

(અ) સર્વનામ

(બ) સંજ્ઞા

(ક) ક્રિયાપદ

"વૃક્ષ" કયો શબ્દ છે?

(અ) સંજ્ઞા

(બ) વિશેષણ

(ક) સર્વનામ

"ગાય" શબ્દ શું દર્શાવે છે?

(અ) વસ્તુ

(બ) પ્રાણી

(ક) સ્થળ

**ઉપરના ચિત્રોના નામ લખીને વાક્ય બનાવો.**

**નામ** **વાક્ય**

## PERIODIC TEST - II


## REVISION

પ્રશ્ન-૧ (અ) નીચે આપેલા વાક્યમાં સંજ્ઞા શોધો .


(૧) નર્મદાનું જળ નિર્મળ છે .



(૨) લીમડો શીતલ છાંયડો આપે છે



(૩) માછલી પાણીમાં તરે છે .



(બ) નીચે આપેલા શબ્દોના વિરોધી અર્થ લખો .

(૧) અહિંસા ✖ ____________

(૨) સાચું ✖ ____________

પ્રશ્ન-૨ (અ) નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ શોધો .

(૧) આપણને મીઠા ફળ અને છાંયડો કોણ આપે છે ?

(i) વૃક્ષ (ii) વેલા (iii)છોડ

(૨) વૃક્ષ ધરતી પર શું વરસાવે છે ?

(i) વીજળી (ii) વરસાદ (iii) આંધી તુફાન

(૩) વૃક્ષ દરેક જીવોને શું આપે છે ?

(i) કાયુ (ii) વાયુ (iii) તાયુ

પ્રશ્ન-૨ (બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો .

(૧) ગાંધીજીની માતા બાળપણમાં કેવી વાર્તાઓ કેહતા હતા ?

જવાબ

(૨) બાળક મોહનદાસના મન પર કઈ બે ઘટનાનો પ્રભાવ પડ્યો ?

જવાબ

(૩) ગાંધીજીએ દક્ષીણ આફ્રિકામાં કઈ લડત લડી ?શા માટે ?

જવાબ

(૪) આ કાવ્યમાં વૃક્ષ કયા કયા કામ કરે છે ?

જવાબ

(૫) વૃક્ષના રક્ષણથી આપણને શું ફાયદો થાય ?

જવાબ

પ્રશ્ન-3 (અ)નીચે આપેલો ફકરો વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ આપો .

ઉત્તરાયણ ગુજરાતનો ખૂબ જ લોકપ્રિય તહેવાર છે. આ તહેવાર દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે લોકો પોતાના ઘરની અગાશી પર જઈને પતંગ ચગાવે છે. આકાશ રંગબેરંગી પતંગોથી ભરાઈ જાય છે. બાળકો અને મોટા સૌ આનંદથી પતંગ ઉડાડે છે. લોકો એકબીજાને "કાઈ પો છે" કહીને ખુશી વ્યક્ત કરે છે. આ દિવસે તલના લાડુ, ચીકી અને ઉંધિયું જેવી વાનગીઓ ખાવાનો આનંદ પણ માણવામાં આવે છે. ઉત્તરાયણ આપણામાં ઉત્સાહ, આનંદ અને ભાઈચારો વધારતો તહેવાર છે.

(૧) **ઉત્તરાયણ ક્યારે ઉજવવામાં આવે છે?**

જવાબ

(૨) **લોકો ઉત્તરાયણના દિવસે શું કરે છે?**

જવાબ

(૩) **આકાશ શેનાથી ભરાઈ જાય છે**

જવાબ

(૪) **ઉત્તરાયણમાં કઈ કઈ વાનગીઓ ખવાય છે?**

જવાબ

(બ) નીચે આપેલો ફકરો વાંચો અને લખો .

વરસાદની ઋતુ સૌને ગમે છે. વરસાદ પડતાં વાતાવરણ ઠંડું અને મનોહર બની જાય છે. બાળકો વરસાદમાં કાગળની હોડી તરાવે છે. ખેડૂત માટે વરસાદ ખૂબ જરૂરી છે કારણ કે તે પાકને ઉગાડવામાં મદદ કરે છે. વરસાદથી નદીઓ, તળાવો અને કૂવાઓ પાણીથી ભરાઈ જાય છે.


# ANNUAL EXAM REVISION

પ્રશ્ન-૧ (અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થીથી લખો .

(૧) વન = ____________




(૨) સૂર્ય = ____________



(૩) નિશાળ = ____________



(૪) પક્ષી = ____________



પ્રશ્ન-૧ (બ) નીચે આપેલા વાક્યમાંથી સર્વનામ શોધો .

(૧) ______________ગાતા નથી આડતું . ( મને ,મારું )

(૨) દરવાજો ખોલ ,કદાચ __________ આવ્યું છે ( કઈક ,કોઈક )

(૩) ____________કાલે ફરવા જઈશું .(મને ,હું )

(૪) __________________ કાલે શાળાએ ગયા હતા .(અમને, અમે )

પ્રશ્ન-૧ (ક) સાચી જોડણી લખો

(૧) ધંધેરો - ____________

(૨) રોગીશ્ત - ____________

(૩) આશર્ય - ____________

(૪) હરીયાળી - ____________

પ્રશ્ન-૧ (ડ) નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો .

(૧) ઉત્તરાયણ -

(૨) ધાર્મિક -

(૩) પતંગ -

પ્રશ્ન-૧ નીચે આપેલા વચન બદલો

(૧) છોકરો -

(૨) ખુરશી -

(૩) લાકડું -

પ્રશ્ન-2 (બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

(૧) બાળકને તેની મમ્મી વ્હાલી કેમ લાગે છે ?

જવાબ

(૨) મમ્મી બાળકને કોની કોની વાતો કરે છે ?

જવાબ

(૩) મમ્મી બાળકને શું આશિષ આપે છે ?

જવાબ

(૪) પથમાં કયા રોગ વિશે વાત કરી છે ?

જવાબ

(૫) વનરાજે શાનો ઢઢેરો પીટાવ્યો ?

જવાબ

(૬) જંગલમાં સભા શા માટે મળી ?

જવાબ

(૭) કોરોના કેવી રીતે ફેલાઈ શકે ?

જવાબ

(૮) કોરોનાથી કેવી રીતે બચી શકાય ?

જવાબ

(૯) પતંગરસિયા રાત્રે શું ચગાવે છે ?

જવાબ

(૧૦) પતંગ ચગાવતી વખતે કઈ કઈ સાવધાની રાખવી જોઈએ ?

જવાબ

પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ શોધો .

(૧) કાલે જંગલ બંધ છે એવો ઢંઢેરો કોને પીટાવ્યો ?

(i) વનરાજ (ii) જિરાફ (ii) હાથી

(૨) ગજરાજ હાથીએ કોની સાથે રાજાજીને સંદેશો મોકલ્યો ?

(i) લુચ્ચું શિયાળ (ii) બચું સસલા (ii) કાળો કાગડો

(૩) શહેરમાં અત્યંત ચેપી રોગ કયો ફેલાયો હતો ?

(i)કોરોના વાઇરસ (ii)મલેરિયા (ii)ચિકનગુનિયા

(૪) કોરોના વાઇરસ રોગ કેવી રીતે જલ્દી થી ફેલાય છે ?

(i)સંપર્કમાં આવવાથી (ii)ખાવાનું ખાવાથી (ii)પાણી પીવાથી

(૫) કોરોના વાઇરસ રસથી બચવા શેનો ઉપયોગ ફરજીયાત છે ?

(i)ચશ્માં (ii)માસ્ક (ii)દુપટ્ટો

પ્રશ્ન-3 નીચે આપેલો ફકરો વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ આપો .

પતંગનો જન્મ આજથી ૩,000 વર્ષ પહેલા ચીનમાં થયો હતો .ચીનના રાજા હયું અને થેંગે શત્રુઓને ડરાવવા પતંગને આકાશમાં ઉડાડ્યો હતો. આકાશમાં પતંગનો ડ્રેગન જેવો ચહેરો જોઈ શત્રુઓ ભાગી ગયા હતા .આમ ધીરે ધીરે પતંગને આખા અશિયામાં મહત્વનું સ્થાન મળ્યું .વૈજ્ઞનિકોએ તેની મદદ લઈને અનેક શોધો કરી છે .રાઈટ વિમાનની શોધમાં પતંગની મદદ લીધી હતી .

(૧) પતંગનો જન્મ ક્યારે થયો હતો ?

જવાબ

(૨) શું જોઇને શત્રુઓ ભાગી ગયા ?

જવાબ

(૩) કયા ભાઈઓએ પતંગની મદદ લીધી ?

જવાબ

(૪) કયા રાજાઓએ પતંગ ઉડાડ્યો હતો ?

જવાબ

(૫) પતંગનો જન્મ ક્યાં થયો હતો ?

જવાબ

(૬) ફકરાનું યોગ્ય શિર્ષક આપો .

(૭) કયા વિમાનની શોધમાં પતંગની મદદ લીધી હતી ?

પ્રશ્ન-૩ નીચે આપેલો ફકરો વાંચીને આપેલા પ્રશ્નોના જવાબ આપો .

સ્વચ્છતા આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. સ્વચ્છતા આપણને સ્વસ્થ અને તંદુરસ્ત રાખે છે. જે વ્યક્તિ પોતાના શરીર, ઘર અને આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખે છે તે અનેક રોગોથી બચી શકે છે. આપણે દરરોજ સ્નાન કરવું, સ્વચ્છ કપડાં પહેરવાં અને ભોજન પહેલાં તથા પછી હાથ ધોવા જોઈએ. ઘર, શાળા અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવો જોઈએ. કચરો હંમેશાં કચરાપેટીમાં જ નાખવો જોઈએ. સ્વચ્છ વાતાવરણમાં રહેતા લોકો વધુ ખુશ અને તંદુરસ્ત રહે છે

પ્રશ્ન-૩ નીચે આપેલું ચિત્ર જોઇને આપેલા પ્રશ્નોના જવાબ આપો



(૧) ચિત્રમાં કેટલા બાળકો છે?

જવાબ

(૨) રવિ શું કરી રહ્યો છે?

જવાબ

(૩) રીના શું કરી રહી છે

જવાબ

(૪) વૃક્ષો આપણને શું આપે છે

જવાબ

(૫) આપણે શા માટે વૃક્ષો વાવવા જોઈએ

જવાબ